**સમરી નં.૦૯/૨૦૨૫**

**<u>-: આંક ૧ નીચે હુકમ:-</u>**

સદર કામે જી.યુ.વી.એન.એલ પોલીસ સ્ટેશન, વલસાડ પ્રાથમિક માહિતી અહેવાલ નંબર II ૦૪૪૫/૨૦૨૪ થી **ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ, ૨૦૦૩ ની કલમ ૧૩૫(૧) બી** મુજબના ગુનાની તપાસ દરમ્યાન, આરોપીનાએ પ્રથમ વખતના વીજ ચોરીની રકમ તથા કાયદાના કંપાઉન્ડીંગ રકમ ભરપાઈ કરી દીધેલ હોય, ફરીયાદીનાઓએ આરોપી વિરુધ્ધ ઈલેકટ્રીસીટી એકટ, ૨૦૦૩ ની કલમ ૧૫૨ હેઠળ ગુનો માંડવાળ કરવાનો રીપોર્ટ તપાસ કરનાર અમલદાર સમક્ષ રજુ કરતા, તપાસ કરનાર અમલદારે આ બાબતે વિશેષ કોઈ આગળની કાર્યવાહી કરવાની રહેતી ન હોય, સદર રીપોર્ટ સાથે કેસ કાગળો સામેલ રાખી, તે ધ્યાને લઈ ઈલેકટ્રીસીટી એકટ, ૨૦૦૩ ની કલમ ૧૫૨ હેઠળ માંડવાળ રીપોર્ટ મંજુર કરવા અત્રેની કોર્ટને વિનંતી કરેલ છે. સદર કામે ઉપરોકત રીપોર્ટ તેમજ તેની સાથે રજુ થયેલ કેસકાગળો ધ્યાને લેતા, ઉપરોકત રીપોર્ટ મંજુર કરવા પાત્ર જણાતુ હોય, સદર રીપોર્ટ મંજુર કરવામાં આવે છે,તેમજ **આરોપી- મધુબેન છોટુભાઈ ધોડી રહે. જંબુરી, બ્રાહમણ ફળીયા, તા. ઉમરગામ જી.વલસાડ** નાઓ સામે સદર ગુના બાબતે આગળની કાર્યવાહી પડતી મુકવામાં આવે છે. વધુમાં આ ગુનાનાકામે કબજે કરેલ મુદ્દામાલ અપીલ સમય વિત્યા બાદ નીચમોનુસાર નીકાલ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ: ૮મી માર્ચ સને ૨૦૨૫ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો

સ્થળ:- ઉમરગામ
તારીખ:- ૮/૦૩/૨૦૨૫

(જીતેન્દ્રકુમાર જયંતિલાલ જોષી)
એડીશ્નલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
ઉમરગામ
કોડ નં.જી. જે- ૦૧૨૭૧